હાસ્ય દ્વારા ઘરમાં સુખશાંતિ, ધંધામાં પ્રતિષ્ઠા, અને સંસારમાંથી સ્નેહ પ્રાપ્ત થાય છે
- ડેલ કાર્નેગી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૩૦ | ૧૦ એપ્રિલ ૨૦૧૨, મંગળવાર, ચૈત્ર વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# જિલ્લાના ૪૦ હજાર ગરીબોને ૩૫ કરોડની સહાય અપાશે

## ગાંધીનગર જિલ્લામાં ૧૨મીથી ૧૯ એપ્રીલ દરમિયાન ચાર ગરીબ કલ્યાણ મેળા યોજાશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં ૧૨ થી ૧૯ એપ્રિલ દરમિયાન યોજાનાર ગરીબ કલ્યાણ મેળાઓમાં જિલ્લાના ૪૦હજાર જેટલા લાભાર્થીઓને ૩૫ કરોડથી પણ વધુ સહાયનું વિતરણ કરવામાં આવશે.

ગરીબ કલ્યાણ મેળાની તારીખો જાહેર થયા બાદ આજે આ અંગેના આયોજનને લઈ મળેલ જિલ્લાના અધિકારીઓની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

ચોથા તબક્કાના આ ગરીબ કલ્યાણ મેળામાં શહેરી વિસ્તારોને પણ સમાવિષ્ટ કરી લેવાના હોવાથી લાભાર્થીઓની સંખ્યામાં ૧૦હજાર જેટલો વધારો થવા પામ્યો છે.

પ્રભારી સચિવ શ્રી મીનાની અધ્યક્ષતામાં આજે મળેલ બેઠકમાં જુદા જુદા વિભાગોને તેમના લાભાર્થીઓની યાદી આગામી ૨૪ કલાકમાં આખરી કરી દેવા માટે કડક તાકીદ કરવામાં આવી હતી. આ ગરીબ કલ્યાણ મેળામાં સ્વરોજગારીની યોજના તેમજ મહિલા સશકિતકરણની યોજના ઉપરાંત કિસાન ક્રેડીટ કાર્ડની યોજનાના લાભાર્થીઓને મોટી સંખ્યામાં આવરી લેવામાં આવશે.

જિલ્લામાં હાલ અમલી ચાર આવાસ યોજનાના લાભાર્થીઓને પણ પ્લોટની ફાળવણી તેમજ યોજના અંતર્ગત આપવાની થતી સહાયના ચેકોનું પણ વિતરણ કરી દેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગરીબ કલ્યાણ મેળાના સમય સાંજના રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ મેળામાં રાજયના મુખ્યમંક્ષી શ્રી નરેન્દ્ર મોદી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરશે.

ગુરુવાર, શુક્રવાર અને શનિવાર એમ ત્રણ જ દિવસ દરમિયાન આ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવશે. ખેડૂતોને પણ વિશાળ સંખ્યામાં આવરી લેવા માટે જણાવવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં પ્રથમ ગરીબ કલ્યાણ મેળો ગાંધીનગર તાલુકામાં ૧૨મી એપ્રિલે યોજાશે. ૧૩મીએ માણસા, ૧૪મીએ દહેગામ અને ૧૯મીએ કલોલ ખાતે આ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે.



ગાયક-અભિનેતા કિશોર કુમારનું એક જાણીતું ગુજરાતી ગીત છે : ચાલતો રહેજે, ચાલતો રહેજે... એ ગીતમાં જિંદગીની વાસ્તવિકતાની વાત કરીને જિંદગીમાં આગળ વધતા રહેવાની શીખ આપવામાં આવી છે. કંઈક એવું જ આ દ્રશ્ય છે. ભર ઉનાળે ગરમી હોવા છતાં શ્રમિક આગળ વધી રહ્યો છે, તો વજન વહન કરી રહેલો બળદ પણ આગળ વધી રહ્યો છે. બાજુમાંથી પસાર થઈ રહેલી બસ પણ ચાલી રહી છે મતલબ કે એના મુસાફરો પણ ગતિમાં છે. ગતિ એ સંસારનો નિયમ છે અને એ હોવી જ જોઈએ. પરિસ્થિતિની ગરમી આવે, વિકટનો વરસાદ આવે કે અકસ્માતની ઠંડી આવે, ગતિ ન રોકાવી જોઈએ. મહેન્દ્ર કપૂરના અવાજમાં ગવાયેલું ગીત પણ આવો જ સંદેશ આપી જાય છે : જીવન ચલને કા નામ, ચલતે રહો સુબહ શામ, રસ્તા કટ જાયેગા મિતવા, બાદલ હટ જાયેગા મિતવા, દુખસે ઝૂકના ના મિતવા, તુ એકપલ રૂકના ના મિતવા. દુખથી, વિકટ પરિસ્થિતિથી કે મુશ્કેલીથી આગળ વધી જવું જોઈએ, તેનાથી દૂર થવું જોઈએ. તો જ જિંદગીમાં સફળતા મળે છે. કારણ કે જિંદગી પોતે પણ ક્યારેય રોકાતી નથી. એ પણ સતત ચાલ્યા કરે છે. હા, જીવનની કોઈ પળે આપણને તે થંભી ગયેલી જરૂર લાગે છે, પણ એ તો પૂરી જીવાય ત્યારે જ સમજાય છે કે એના ઘણા રંગ છે, એમાં ઘણી આશાઓ છે અને ઘણી ખુશીઓ પણ. જીવનમાં મુશ્કેલીનો તડકો છે તો લીલા ઘાસનો આશાવદ પણ છે. (તસવીર : દિપક જાની)

# ઉત્તર ગુજરાતને ૧૫મીથી ભાજપ-કોંગીના નેતાઓ ઘમરોળી શક્તિ પ્રદર્શન કરાવશે

## ભાજપ દ્વારા કિસાન હિતયાત્રા તો કોંગ્રેસ દ્વારા પરિવર્તન યાત્રાનું આયોજન

ગાંધીનગર, તા. ૯

ઉત્તર ગુજરાતમાં આ સપ્તાહના અંતિમ દિવસોથી ભાજપ અને કોંગ્રેસ દ્વારા શક્તિ દર્શનના રાજકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ભાજપ કોંગ્રેસ દ્વારા યોજાયેલા આ કાર્યક્રમોના પગલે સમગ્ર ઉત્તર ગુજરાતનું રાજકીય વાતાવરણ ગરમાવા પામ્યું છે.

ભારતીય જનતા પક્ષ દ્વારા ૧૯મી એપ્રિલથી ઉત્તર ગુજરાતમાં કિસાન હિત યાત્રાનો બીજો તબક્કો આરંભાશે. આજે આ યાત્રાના આયોજનને લઈ ભાજપના પ્રદેશ આગેવાનોની એક મહત્વની બેઠક ગાંધીનગર સરકીટ હાઉસ ખાતે મળી હતી. જેમાં યાત્રાના રૂટને આખરી ઓપ આપ્યો હતો.

ભાજપના પ્રદેશ આગેવાનો દ્વારા આ કિસાન હિત યાત્રામાં ઉત્તર ગુજરાતમાં છ થી પણ વધુ કિસાનસભાઓ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ કિસાન હિતયાત્રામાં સરકારે કૃષિ વિકાસ માટે કરેલા નિર્ણયોની જાણકારી ખેડૂતો સુધી પહોંચાડવામાં આવશે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષે શહેરી વિસ્તારોને આવરી લઈ ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં હિસાબદો જવાબદો કાર્યક્રમ અંતર્ગત જનસંપર્ક પરિવર્તન યાત્રાનું આયોજન કર્યું છે.

મળતી વિગતો પ્રમાણે ૧૫ થી ૧૮ એપ્રિલ દરમ્યાન જનસંપર્ક પરિવર્તન યાત્રા ગાંધીનગર જિલ્લામાં ફરશે. આ પછી આ યાત્રા મહેસાણા, સાબરકાંઠા, બનાસકાંઠા જિલ્લાઓમાં પણ જશે. ૧૫મી એપ્રિલે ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે આ યાત્રા આવી પહોંચશે. આ પછી ૧૬મીએ કલોલ ખાતે જશે. ૧૭મીએ તે ગાંધીનગર અને પેથાપુર નગરપાલિકા વિસ્તારને

● અનુસંધાન પાન-૭ પર

# આજે ગાંધીનગરમાં બહુમાળી ભવનનો ખાતમુહૂર્ત વિધિ યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સેક્ટર-૧૦ખાતે રાજયકક્ષાની તથા બંધારણીય કચેરીઓ માટે નિર્માણ પામનાર બહુમાળી ભવનના ખાતમુહૂર્તનો વિધિ આજે રાજ્યના માર્ગ-મકાન વિભાગના મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના હસ્તે યોજાશે.

રૂ. ૮૦.૬૧ કરોડના ખર્ચે ૮ મજલાની આ બિલ્ડીંગ બનાવવામાં આવનાર છે. આ માટે રાજ્યના અંદાજપત્રમાં જોગવાઈ પણ કરવામાં આવી છે અને વિધાનસભામાં વિભાગની માંગણીઓ પરની ચર્ચા દરમ્યાન મંત્રીશ્રીએ તે અંગેની જાહેરાત પણ કરી હતી.

ગાંધીનગર શહેરમાં રાજ્યકક્ષાના ખાતાના વડાઓની કચેરીઓ જે જીવરાજ મહેતા ભવન ખાતે કાર્યરત છે ત્યાં બધી જ જગ્યા વપરાશમાં લેતા પણ જગ્યા ઓછી પડતાં હવે આ નવુ બહુમાળી મકાન

● અનુસંધાન પાન-૫ પર

ગાંધીનગરમાં આગમન
ફળોના રાજા કેરી
મળો : રહીમચાચા
રૂપકલા જ્વેલર્સની બાજુમાં, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર.

TET
વિસનગર : ૧૫-૪-૨૦૧૨ થી TETમાં પ્રવેશ શરૂ
19000+થી વધુ જગાઓ
PTC / PTC સાથે ગ્રેજ્યુએટ અથવા B.Ed. ઉમેદવારો માટે જ !
ધો-1 થી 5 તથા ધો-6 થી 8 માટે ફી માત્ર રૂ.28000/-
પાટણ-પાલનપુર-વિસનગર-હિંમતનગર-ગાંધીનગર-મહેસાણા-કડી
PSI
ગેરંટેડ કોર્ષમાં પ્રવેશ માટે "પાટણ-પાલનપુર"
PSI-કોન્સ્ટેબલ
પરીક્ષા સંભવિત જૂન/જુલાઈ-૨૦૧૨
પાટણ-પાલનપુર ખાતે પ્રવેશ માટે રૂબરૂ મળવું
કલાર્ક
શનિ/રવિ માટે "ફાસ્ટ ટ્રેક બેચ" 2012
બિન સચિવાલય કલાર્ક / કોન્સ્ટેબલ / ગુજરાત હાઈકોર્ટ કલાર્ક
ફક્ત ગાંધીનગર/મહેસાણા બેચ શરૂ તા.15-4-2012
ફી માત્ર Rs.14,000/- સમય બપોરના 3 થી 6
150+થી વધુ 'મેજીસ્ટ્રેટ'ની ટૂંક સમયમાં 'સીધી ભરતી'
લાયકાત : ગ્રેજ્યુએટ તથા એલ.એલ.બી., ઉંમર : 21 થી 35 વર્ષ
વર્ગ શરૂ થવાની તા.28-4-2012 (ફક્ત ગાંધીનગર ખાતે)
બેચનો સમય સાંજે 7.30 થી 9.30 (સોમથી શુક્ર) ફી માત્ર રૂ.31,000/-
મેજીસ્ટ્રેટ LLBના વિદ્યાર્થીઓ માટે ખાસ
TCCI Education Private Limited
ઉત્તર ગુજરાતની 7 શાખાઓમાં પ્રત્યક્ષ/રૂબરૂ શિક્ષણ આપતી એકમાત્ર સંસ્થા
મહેસાણા 75672 83798 — પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. રૂબરૂ/ફોન સંપર્ક : સોમથી શનિ (સવારના ૯.૩૦ થી સાંજના ૪.૦૦) દર મંગળવારે રજા
ગાંધીનગર 99256 98721 — પ્લોટ-૩૨૮/૨, પ્રથમ માળ, ઘ-૨થી ઘ-૨ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-૭/એ. રૂબરૂ/ફોન સંપર્ક : સોમથી શનિ (બપોરે ૩.૦૦ થી ૪.૦૦ સુધી) દર રવિવારે રજા
પાટણ 99255 53503 — એસ-૧૪૩થી ૧૪૭, પ્રથમ માળ, તિરૂપતિ બજાર, સિધ્ધપુર ચાર રસ્તા, પાટણ. રૂબરૂ/ફોન સંપર્ક : સોમથી શનિ (સવારે ૯.૩૦ થી સાંજે ૪.૦૦ સુધી) દર શુક્રવારે રજા
પાલનપુર 99256 98721 — એફ-૨૮, પ્રથમ માળ, સરકારી વસાહત સામે, કોલેજ રોડ, તિરૂપતિ પ્લાઝા, પાલનપુર. રૂબરૂ/ફોન સંપર્ક : સોમથી શનિ (સવારે ૯.૩૦ થી સાંજે ૪.૦૦ સુધી) દર ગુરૂવારે રજા
હિંમતનગર 97258 88704 — બીજો માળ, ચામાહા શો-રૂમની ઉપર, મોતીપુરા સર્કલ, હિંમતનગર. રૂબરૂ/ફોન સંપર્ક : સોમથી શનિ (સવારે ૯.૩૦ સાંજે થી ૪.૦૦ સુધી) દર બુધવારે રજા
વિસનગર 99099 24328 — ૧૪, પ્રથમ માળ, સ્થાન ચંદન મોલ, ડોસાભાઈ બાગની સામે, ICICI બેંકની ઉપર, વિસનગર. વિસનગરની શાખામાં પ્રવેશ શરૂ થશે 15-4-2012 થી દર સોમવારે રજા
કડી-ઈડર-મોડાસામાં ટૂંક સમયમાં : Rajubhai Patel-9925698721
TCCI 'KNOWLEDGE VALLEY' PUBLICATION
?????...!!! ટૂંક સમયમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતું સાહિત્ય !
ONLINE EDUCATION : 21 નવી શાખાઓ
(મધ્ય-દક્ષિણ) ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં !
1-6-2012થી ગાંધીનગર શાખાનું નવું સરનામું
શ્રી સ્કવેર, બીજા માળે, 206, પેથાપુર સર્કલ નજીક, મહુડી રોડ, પેથાપુર, ગાંધીનગર


# હાર્દિક અભિનંદન અને શુભેચ્છા



**શ્રીમતી હીનાબેન હરેશભાઈ પટેલ**
પ્રમુખ : ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસ



**શ્રીમતી પ્રેમબા કાળુસિંહ હાડા**
પ્રમુખ : ગાંધીનગર શહેર-જિલ્લા મહિલા કોંગ્રેસ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના માન. અધ્યક્ષશ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ડો. સી.જે. ચાવડા તથા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખશ્રી સોનલબેન પટેલની ભલામણ અનુસાર ભારતીય રાષ્ટ્રીય મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રીમતી અનિતા વર્માએ ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે શ્રીમતી હીનાબેન હરેશભાઈ પટેલ તથા ગાંધીનગર શહેર જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે શ્રીમતી પ્રેમબા કાળુસિંહ હાડાની નિમણૂંક કરવા આદેશ કરેલ છે. જે આદેશ અનુસાર ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ સોનલબેન પટેલ તરફથી **ગાંધીનગર જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે શ્રીમતી હીનાબેન હરેશભાઈ પટેલની તથા ગાંધીનગર શહેર જિલ્લા મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે શ્રીમતી પ્રેમબા કાળુસિંહ હાડા**ની નિમણુંકને આવકારીએ છીએ. - બંનેને હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ અને ઉત્તરોત્તર પ્રગતિ સાધો તેવી શુભેચ્છાઓ...

| | | | |
|---|---|---|---|
| **ડો. સી. જે. ચાવડા**<br>પ્રમુખ,<br>ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ | **શ્રી જશુભા રાણા**<br>ચેરમેન,<br>જિલ્લા કોંગ્રેસ સંગઠન સમિતિ | **શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા**<br>ધારાસભ્યશ્રી,<br>મેઘરજ ગુજરાત વિધાનસભા | **શ્રી નિશિતભાઈ વ્યાસ**<br>મહામંત્રી,<br>ગુજરાત કોંગ્રેસ સમિતિ |
| **શ્રીમતી મંગીબેન પટેલ**<br>પ્રમુખ,<br>જિલ્લા પંચાયત ગાંધીનગર | **શ્રી મહેન્દ્રસિંહ રાણા**<br>મેયર,<br>ગાંધીનગર મહાનગરપાલિકા | **શ્રી મુકેશભાઈ પટેલ**<br>પ્રમુખ,<br>ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ | **શ્રી અશ્વિનભાઈ બારોટ**<br>પ્રવક્તા,<br>ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ |
| **શ્રી વિક્રમસિંહ ખાચર**<br>મંત્રી,<br>ગુજરાત કોંગ્રેસ સમિતિ | **શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલા**<br>ચેરમેન, કારોબારી સમિતિ<br>જિલ્લા પંચાયત, ગાંધીનગર | **શ્રી અજીતસિંહ રાઠોડ**<br>ચેરમેન, બાંધકામ સમિતિ<br>જિલ્લા પંચાયત, ગાંધીનગર | **શ્રી અરવિંદભાઈ સોલંકી**<br>પૂર્વ ચેરમેન, કારોબારી સમિતિ<br>જીલ્લા પંચાયત, ગાંધીનગર |
| **શ્રી સૂર્યસિંહ ડાભી**<br>પ્રવક્તા, ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ | **શ્રી હિમાંશુભાઈ પટેલ**<br>મંત્રીશ્રી, ગુજરાત કોંગ્રેસ સમિતિ | **શ્રી જુગાજી ઠાકોર**<br>પ્રમુખ, ગાંધીનગર તાલુકા કોંગ્રેસ સમિતિ | **યુસુફભાઈ પરમાર**<br>ડેપ્યુટી મેયરશ્રી<br>ગાંધીનગર મહાનગરપાલિકા |
| **શ્રી પ્રવીણભાઈ પટેલ**<br>ચેરમેન, સ્ટેન્ડીંગ કમિટી<br>ગાંધીનગર મહાનગરપાલિકા | **શ્રી વિક્રમસિંહ ગોલ**<br>ચેરમેન, કારોબારી સમિતિ<br>ગાંધીનગર તાલુકા પંચાયત | **શ્રી ચીમનભાઈ વીંઝુડા**<br>નેતા, ગાંધીનગર મહાનગરપાલિકા,<br>કોંગ્રેસ પક્ષ | **શ્રી કાળુસિંહ ડાભી**<br>ચેરમેન, કિસાન સેલ, ગાંધીનગર |